# આઈઆઈટીમાં 'સમર રિસર્ચ ઈન્ટર્નશિપ પ્રોગ્રામ'નો આરંભ



આઈઆઈટી ગાંધીનગર ખાતે સમર રિસર્ચ ઈન્ટર્નશીપ પ્રોગ્રામનો પ્રારંભ થયો છે. દેશભરના ૧૦૦થી વધુ ઈન્ટર્ન્સ આ પ્રોગ્રામમાં સામેલ થયા છે. આઈઆઈટી ગાંધીનગરના ૪૧ વિદ્યાર્થીઓ પણ આ પ્રોગ્રામમાં સામેલ છે.



સોમવારે આ પ્રોગ્રામનો વિધિવત આરંભ કરવામાં આવ્યો હતો. આઠ સપ્તાહના આ રિસર્ચ કાર્યક્રમ દરમિયાન આઈઆઈટીના ૪૪ ફૅકલ્ટી મૅમ્બર્સ દ્વારા ઈન્ટર્ન્સને વિવિધ રિસર્ચ પ્રૉજેક્ટ બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

# શિક્ષક દંપતિનો પુત્ર બન્યો ચૅમ્પિયન ઑફ ચૅમ્પિયન

## મીત હવે રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાનાં શિક્ષક દંપતિનો પુત્ર મીત ગજ્જર બન્યો ચૅમ્પિયન ઑફ ચૅમ્પિયન

ગાંધીનગર ખાતે રહેતા અને ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં રામાજીના છાપરાના શિક્ષક દંપતિ ધર્મેશકુમાર ગજ્જર તથા ગીતાબેનનો પુત્ર મીત ગજ્જર દહેગામની સહયોગ વિદ્યાલયમાં ધોરણ-૬માં અભ્યાસ કરે છે. તેણે તાજેતરમાં વિસનગરમાં યોજાયેલ નોર્થ ગુજરાત ઈન્ટર સેન્ટર મેન્ટલ એરેથમેટિક કોમ્પિટીશન-૨૦૧૯માં ચૅમ્પિયન ઑફ ચૅમ્પિયન ખિતાબ પ્રાપ્ત કર્યો છે. ૮ મિનીટમાં સૌથી વધુ દાખલા ગણી તેણે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન, ક્રિકેટ, વાચન એ તેના રસના વિષયો છે. ઉલ્લેખનીય છે કે મીતની બહેન હની પણ ૨૦૧૮માં એસએસસીના પરિણામમાં ૯૯.૬૯ પર્સેન્ટાઈલ મેળવી જિલ્લામાં ટૉપર બની હતી.

મીત ૧૬મી જૂનના રોજ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા બરોડા જઈ રહ્યો છે, ત્યારે સમગ્ર જિલ્લા તરફથી તેને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# ફિલ્મ 'પીઍમ નરેન્દ્ર મોદી'માં ગાંધીનગરના સિતારા






દિલીપસિંહ ઝાલા



જિમેશ પટેલ

ગાંધીનગર, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન આધારિત ફિલ્મ 'પીઍમ નરેન્દ્ર મોદી' દેશનાં થિયેટર્સમાં રિલીઝ થઈ ચૂકી છે અને વિકેન્ડમાં તેણે સારો બિઝનેસ પ્રાપ્ત કર્યો એવા સમાચાર છે.

ગાંધીનગર માટે સમાચાર એ છે કે આ ફિલ્મનાં કેટલાંક દશ્યો ગાંધીનગરમાં ફિલ્માવવામાં આવ્યાં છે અને ગાંધીનગરના બે કલાકારો પણ એમાં પોતાની ભૂમિકા અદા કરી રહ્યા છે.

દિલીપસિંહ ઝાલા અને જિમેશ પટેલ આ બંને કલાકારો આ મોટા બેનરની ફિલ્મમાં પોતાનો કિરદાર નિભાવી રહ્યા છે. જિમેશ પટેલ એ મુંબઈની મુકેશ છાબરા કાસ્ટીંગ કંપનીમાં કાસ્ટિંગ એસોસિએટ છે અને દિલીપસિંહ ઝાલા ગુજરાત સરકારની ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યવાહક અધ્યક્ષ આઈ કે જાડેજાના અંગત મદદનીશ તરીકે ફરજરત છે.

મહાત્મા મંદિર, નવા સચિવાલય, અક્ષરધામ, વિજાપુર અને અમદાવાદના કેટલાક વિસ્તારોમાં આ ફિલ્મનાં દશ્યો ફિલ્માવાયાં છે.

વિવેક ઑબેરોય ફિલ્મમાં નરેન્દ્ર મોદીની ભૂમિકા નિભાવી રહ્યા છે, અમિત શાહની ભૂમિકા મનોજ જોષી નિભાવી રહ્યા છે. આ ઉપરાંત દર્શન કુમાર, પ્રશાંત નારાયણ, રમાકાંત દયામા અને ઝરીના વહાબ (હીરાબા) પણ ફિલ્મમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે.

લિજેન્ડ ગ્લોબલ સ્ટુડિયોના બૅનર તળે સુરેશ ઑબેરોય, આનંદ પંડિત અને મનીષ આચાર્ય દ્વારા આ ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઓમંગ કુમાર દ્વારા ફિલ્મનું નિર્દેશન કરવામાં આવ્યું છે.

# શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ, છાલાનું બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ઠ પરિણામ

ચિલોડા, તા.૨૮

તાજેતરમાં ધો-૧૦ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના પરિણામો જાહેર થયા છે. જેમાં ગાંધીનગર તાલુકાની શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કુલનું ધો-૧૦ એસએસી રેગ્યુલરનું પરિણામ ૭૩.૬૩ ટકા, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ આર્ટસનું પરિણામ ૮૭.૭૭ ટકા તથા વાણિજય પ્રવાહનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. આ સાથે સર્વોદય સાયન્સ સ્કુલ-છાલાનું પરિણામ ૭૧.૪૩ ટકા આવ્યું છે. બોર્ડની ત્રણ પરીક્ષાઓના પરિણામમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરવા બદલ છાલા કેળવણી મંડળના પ્રમુખ એમ.બી. પટેલ, મંત્રી ચેલાભાઈ પટેલ તથા તમામ કારોબારી સભ્યશ્રીઓ, ગામના સરપંચ ચંચળબેન વગેરેએ શાળાના આચાર્ય આર.એસ. ચૌધરી તથા શાળા પરિવારને તેમજ તેજસ્વી તારલાઓને ઉજ્જવળ કારકિર્દી અને ઉંચું પરિણામ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# જન્મદિને વધામણી



નવ્યા સિરિન પટેલ
મો. ૯૮૯૮૭ ૨૩૪૨૫



કાવ્યા સંજયકુમાર રાયકા



શ્રેયાંશ પંકજ આગજા



કાન્તિલાલ ડી રાજ
મો. ૯૫૫૮૬ ૫૩૮૦૬

# એકલતાનો અનુભવ તપ જેવો હતો







ગાંધીનગર, તા. ૨૮

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા નિરૂપમ નાણાવટી અને સલીલ મહેતા (સૂરીલી સરગમ)ના સહયોગથી સોમવારના રોજ આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે વાર્તાકાર, લઘુકથાકાર, વિવેચક માય ડિયર જયુના ૮૦મા જન્મદિનપ્રસંગે 'શબ્દજયોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાહિત્યકાર માય ડિયર જયુએ પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાહિત્યકારો સતીશ વ્યાસ, રજનીકુમાર પંડ્યા, મોહન પરમાર, નિરૂપમ નાણાવટી, દલપત ચૌહાણ, કેશુભાઈ દેસાઈ, મહેન્દ્રસિંહ પરમાર, હરદ્વાર ગોસ્વામી, રામ મોરી, વિજય સોની, સંજય મકવાણા, સાગર શાહ, વિરલ દેસાઈ, રમેશ દરજી, પ્રજ્ઞા પટેલ, રાધિકા પટેલ, ભિખેશ ભટ્ટ, વિપુલ આચાર્ય, અરવિંદ બારોટ, નિહારિકા આચાર્ય, અનિલ વશિષ્ઠ, સેવંતીભાઈ મોદી, ભુપેન્દ્ર રાવલ, મહેન્દ્ર ડાભી, આશા ભટ્ટ, અંકિત વાઘેલા, રાવજી સોંદરવા, પુનિત મોઢા, માધવી પંડ્યા, રશ્મિકાન્ત ભટ્ટ તેમજ અન્ય સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રવેશ ફી રાખવામાં આવી નહોતી. માય ડિયર જયુએ વકતવ્યમાં જણાવ્યું કે હું આત્મકથા લખું તો અત્યારના સમય પ્રમાણે 'પેન ડ્રાઈવ'નામ આપું. પિતાજી દરજીકામ કરીને જીવન નિર્વાહ કરતા. પિતાજીના સંસ્મરણોનું પુસ્તક જયારે પણ પ્રકાશિત થશે ત્યારે તેનું નામ 'જયંતી સાથેનો હિસાબ'રાખીશ. અભ્યાસમાં સારા માર્ક્સ હતા પણ નાની ઉંમરના કારણે શિક્ષકની નોકરી ના મળી. જયારે સોનાનો ભાવ ૩૦ રૂપિયા હતો ત્યારે પિતાએ ૪૦ રૂપિયાની કાંડા ઘડિયાળ અપાવેલી. ૯ વર્ષ એકલા ભાવનગર રહેવાના કારણે એકલતાએ નવી દિશા ખોલી આપી. એકલતાના સમયમાં ખુબ વાંચન કર્યું. એકલતાનો અનુભવ તપ જેવો હતો. જીવનમાં એક જ વાર પ્રેમ થયેલો અને તે પણ ૧૦-૧૨ વર્ષની ઉંમરમાં. અમે આજે પણ ૧૦-૧૨ વર્ષે મળીએ છીએ.

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૨મો મણકો ॥

**૧૦૪ - મૃત્યુશય્યા**

ગાંધીજીએ એક વાર એક માસ મૌન પાળવાનો નિર્ણય કર્યો હતો. બાપુ સાથે એક માસ સુધી વાતો કરવાની ન મળે એ વિચારથી પણ કેટલાક આશ્રમવાસીઓ અકળાતા હતા.




મૌન શરૂ થાય તે પહેલાં અનેક જણ વારાફરતી આવીને પોતપોતાની મૂંઝવણ અંગે કે બીજા સવાલો અંગે ચર્ચા કરી ગયા. એક જણ ઈશ્વર, ધર્મ અને જીવાત્મા વિશે ગહન સવાલો ઉપરાઉપરી પૂછવા લાગ્યા એટલે ગાંધીજીએ કહ્યું, અરે ! ભીષ્મ પિતામહની જેમ હું થોડો જ મૃત્યુશય્યા પર પડ્યો છું કે બધું તત્ત્વજ્ઞાન તમે આજે જ પૂછવા લાગ્યા !

આશ્રમવાસી : એક મહિના માટે તો મરો જ છો ને ?

ગાંધીજી (હસીને) : પણ એક મહિના પછી તો જીવતો થવાનો છું ને ? હવે ભાગો, બીજાઓ ગાળો દેતા હશે કે આણે તો વળી કેવું તત્ત્વજ્ઞાન ઉઠાવ્યું !

૧૦૫ - કદરૂપો માનવી

સરોજિની નાયડુ અને તેમની પુત્રી પદ્મજાબહેન એક દિવસ ગાંધીજીને મળવા ગયાં. તે દિવસે તેમનો મૌનવાર હતો. રાજકારણ અનેબીજા ગંભીર પ્રશ્નોની ચર્ચા કરીને ગાંધીજી થાકી જતા. તેથી મૌનવારે તેમને ઘણો આરામ મળતો. અને આવતા અઠવાડિયા માટે કામ કરવાનું બળ અને તાજગી પણ મળી રહેતાં.

બાપુનો મૌનવાર છે એમ જાણી પદ્મજાબહેને હળવી વાતોથી શરૂઆત કરી કહ્યું કે, બાપુ. આજે અમે દિલ્હીમાં સૌથી કદરૂપો એક માનવી જોયો.

એ વિચાર સાથે સહમત ન થયા હોય એવો ચહેરાનો ભાવ દર્શાવી તેમણએ પોતાના તરફ આંગળી ચીંધી કંઈક ઈશારો કર્યો, પણ પદ્મજાબહેન ગાંધીજીનું કહેવું સમજી શક્યાં નહીં. તેથી પાસે પડેલી પેન લઈ ગાંધીજીએ કાગળ પર લખ્યું :

તમે તેને દિલ્હીમાં સૌથી કદરૂપો માનવી કહો છો ? તો પછી મારું સ્થાન ક્યાં છે ?


ગાંધીજીને થયેલો અન્યાય જાણે દૂર કરતાં હોય તેમ તે બોલ્યાં, હા, હવે સમજી. આજે અમે દિલ્હીમાં બીજા સૌથી કદરૂપા માનવીને મળી રહ્યાં છીએ.


એ વાક્ય સાંભળતાં ગાંધીજી ખડખડાટ હસી પડ્યા. આમ ગાંધીજી પોતાની જાતને પણ પોતાના વિનોદનું સાધન બનાવતા.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# અબળામાંથી પ્રબળા બનેલ સિંધુતાઈની સંઘર્ષગાથા




સામાન્ય રીતે સ્ત્રીઓને અબળા માનવામાં આવે છે. વ્યવહારમાં તે વાત સાચી પણ દેખાય છે. ગરીબ-મધ્યમ અને ઉચ્ચકુલીન વર્ગમાં હજારો સ્ત્રીઓ વેદનાભર્યું મૂક જીવન જીવી રહી છે. માત્ર ચાર ચોપડી ભણેલી ગામડાંની એક સ્ત્રીને માત્ર ૧૦-૧૨ વર્ષમાં જ પરણાવી દેવાય અને પછી તેના પર અત્યાચારની કથા શરૂ થાય. તે ચરમસીમા સુધી ચાલતી રહે. પિયર કે સાસરા પક્ષ તરફથી કોઈનો સાથ ન મળે. કલંકિત જીવનને લીધે બધા જ દુશ્મન થઈ જાય. આવી પરિસ્થિતિમાં ગાયની ગમાણમાં તેને પ્રસૂતિ થાય. બાળકની નાળ પણ જાતે પથ્થર વડે છેદવી પડે. ભૂખી તરસી પડી રહે અને કોઈ ભૈયાજીની ટ્રકમાં તેને વિદાય કરી દેવાય. હૃદય કંપાવી મૂકી તેવી કરૂણ કથા વાંચનાર-સાંભળનાર બંનેનાં હૃદય હચમચાવી મૂકે. જે ભારતીય સંસ્કૃતિનાં આપણે બણગાં ફૂંકતાં થાકતાં નથી તે શું આવી છે ?

સિંધુતાઈ સપકાળ પુસ્તક મરાઠી ભાષામાં પ્રગટ થયેલ બે પુસ્તકો 'મિ. વનવાસી' અને 'અનાયોગી માઈ'ના આધારે સ્વામી સચ્ચિદાનંદજી દ્વારા રચાયેલ ગુજરાતી પુસ્તક છે. તેનાં ૨૭ પ્રકરણો છે. આ પુસ્તક બે ભાગમાં લખવામાં આવ્યું છે. પહેલો ભાગ મિ. વનવાસી સિંધુતાઈ પોતે લખતાં હોય તેવી રીતે લખાયો છે. જ્યારે બીજો ભાગ શ્રી ડી ડી મહાજનનું અનાથોની માતા પુસ્તકના આધારે તૃતિય વનચમાં લખાયું છે. પુસ્તકમાં ટીપ્પણીઓ અને સ્ટેટ મેન્ટ્સ લેખકનાં છે એ રીતે જોતાં આ અનુવાદ થયેલું પુસ્તક નથી, પણ સ્વતંત્ર પુસ્તક છે. તાઈના જીવનમાં પ્રેરણાદાયી અસંખ્ય પ્રસંગો બન્યા છે. તેમાંથી થોડા જ આ પુસ્તકમાં સમાવી શકાય છે. તેમાંય સૌથી હચમચાવી નાખનારો પ્રસંગ પતિ શ્રીહરિ સપકાળનો છે. પોતાના પર ઘોર જુલમ કરનારો પતિ જ્યારે ચિંથરેહાલ થઈને શરણે આવે છે ત્યારે જૂની વાતોનો ડંખ રાખ્યા માઈ તેને નાના બાળકની માફક બાલસદનમાં પ્રવેશ આપે છે. અને મરણપર્યંત નિભાવે છે. હૃદયની આટલી વિશાળતા ભાગ્યે જ જોવા મળે. ભીખના રોટલા માગીને અનાથ બાળકોને જીવાડવાની શરૂઆતથી પાંચ-પાંચ બાલસદનો બનાવવાં, ચલાવવા એ તેમના સંઘર્ષનું પરિણામ જ કહેવાય. અમેરિકા સહિત અનેક વિદેશોની યાત્રા કરવી, ૭૫૦ ઉપરાંત ઍવોર્ડ પ્રાપ્ત કરવા એ નાનીસૂની વાત ન કહેવાય. આવો સંઘર્ષ અને આવી સફળતા ભાગ્યે જ કોઈ સ્ત્રીના જીવનમાં જોવા મળશે. આટલું બધું પ્રાપ્ત કર્યા પછી પણ તાઈ તદ્દન સાદું અને હળવાશભર્યું જીવન જીવી રહ્યાં છે. હવે પરિસ્થિતિ બદલાઈ છે. સ્ત્રીસશક્તિકરણ આંદોલન પછી સ્ત્રીઓનું અબળાપણું ઓછું થયું છે. ખાસ કરીને શિક્ષિત અને સ્વાવલંબી સ્ત્રીઓ હવે અબળા રહી નથી. તો પણ હજુ ઘણું કરવાનું બાકી છે. તેથી લેખકને આશા છે કે આ પુસ્તકથી સ્ત્રીઓમાં નવાં જોમ-જુસ્સો પેદા થશે. અને સ્ત્રીઓને થતા અન્યાય સામે અવાજ બૂલંદ થશે. પણ એ ધ્યાન રહે કે સંઘર્ષ અન્યાય સામે હોય, તે પણ મધુરતાથી હોય, સંઘર્ષથી કડવાશ ન વધે. કેમ કે કડવાશથી પ્રશ્નો વધુ વિકટ બનતા હોય છે. નર-નારી સંબંધો કુદરતે રચેલાં છે. લાખ પ્રયત્ને પણ તે તૂટવાના નથી. નારી વિના નર અને નર વિના નારી અધૂરાં છે. પૂરક થવામાં જ જીવન છે. પૂરક થવાથી પોષણ મળે છે. જીવન પુષ્ટ બને છે. પુષ્ટ જીવન જ સુખી થઈ શકે. સ્ત્રીઓ સુખી તો જ પુરુષો સુખી અને પુરુષો સુખી તો જ સ્ત્રીઓ સુખી. આ વાસ્તવિકતાને બંને સ્વીકારે તો પરસ્પરનું જીવન સુમેળભર્યું બને. સ્વામી સચ્ચિદાનંદજીનું આ પુસ્તક હતાશ-નિરાશ થયેલી સ્ત્રીઓને નવી આશા આપનારું બની રહે તેવી શુભ ભાવના સાથે પુસ્તકને આવકારું છું.

સિંધુતાઈ સપકાળ (અબળામાંથી પ્રબળા)
લેખક : સ્વામી સચ્ચિદાનંદ
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯, કિંમત : રૂા. ૧૨૦/-